# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૬ - અષાઢ સુદ-૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર સંયમી વિદ્વાન ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં અનંતશઃ વંદનાવલી.

જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠિવર્યશ્રી, પંડિતવર્યશ્રી, વિધિકારકશ્રી આદિને પ્રણામ.

જીવનના એક યાદગાર ચાતુર્માસમાં આપ શ્રી પસાર થઇ રહ્યા છો, ત્યારે અંતરની ઉર્મિઓને આપશ્રી સમક્ષ રજુ કરી રહ્યો છું

આનંદ :- દુનિયાભરના દેશોમાં 3 મહિના કોરોના લોકડાઉનથી હવા અને પાણી શુદ્ધ થયા. માનવ ઘરમાં રહેવાથી પરિવાર અને સંબંધનું મૂલ્ય તો સમજ્યો જ, હોટલ વગેરેનું અભક્ષ્ય પણ છોડી શક્યો. કેટલાય પુણ્યાત્માઓ અધ્યાત્મ તરફ વળ્યા અને વાંચન-ચિંતન, અભ્યાસ અને આરાધનામાં મગ્ન બન્યા.

આઘાત :- લોકડાઉનથી થયેલ આર્થિક નુકશાનથી મધ્યમ વર્ગીય અને તેનાથી પણ નીચલા સ્તરના લોકો ભીંસમાં આવ્યા, સાથે ચિંતા, ઉદ્વેગ અને અસલામતી ની લાગણીથી ડિપ્રેશન પામ્યા. જિનાલયો માંગલિક રહેતા નિત્ય સેવા-પૂજા કરનારા ભાવિકોને દર્શનના પણ ફાંફા થઇ ગયા. ભવિષ્યમાં તેમની દર્શન-પૂજાની ટેવ છુટી ન જાય એ ભયસ્થાન છે.

આનંદ :- ઘણા ભાવિકોએ ઘરે જ ભગવાન પધરાવ્યા. ઘેર ઘેર ઘર દેરાસરની મૂળ પ્રણાલિકા જીવંત બની. ભાવિકોએ મન મૂકીને પ્રભુભક્તિ કરી. ઓળી ને છૂટક આયંબિલો પણ ઘરમાં જ પુષ્કળ પ્રમાણમાં થયા.

આઘાત :- શાશ્વતી ઓળી, ઉપધાન, નવ્વાણુ જેવા અનુષ્ઠાનો માંગલિક રહ્યા. એટલું જ નહીં જિનશાસનના સ્વર્ણિમ ભવિષ્યનું સર્જન કરતી તમામે તમામ બાળ-સંસ્કરણ શિબિરો પણ માંગલિક રહી, બાળકો/કન્યાઓ પૂરી ફુરસદમાં હોવા છતાં આપણે કશું ન કરી શક્યા ને સમય હાથમાંથી જતો રહ્યો.

આનંદ :- વિહારો ન થઇ શકવાથી ચાતુર્માસ ક્ષેત્રો બદલાયા, કદી લાભ ન મળતો હોય એવા ક્ષેત્રોમાં ૧૦, ૨૦, ૫૦ વર્ષોમાં ય ચોમાસા ન થયા હોય તેવા ક્ષેત્રોમાં ય પ્રભાવક પૂજ્યોના ચાતુર્માસનો લાભ મળ્યો. આધુનિક સાધનોથી પણ ઓછા-વત્તા અંશે ભક્તિ, તત્ત્વજ્ઞાન ક્લાસ વગેરે દ્વારા લોકો શુભમાં જોડાયા.

અનુસંધાન : પાન નં. ૭ ઉપર....

" दासोऽहं सर्व साधूनाम् "

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૫ - ૨૦૭૬

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | જીવાજીવાભિગમસૂત્ર ભા.૧ | આ.મુનિચંદ્રસૂરિજી | સં. | શ્રી મહાવીર જૈન વિદ્યાલય |
| ૨ | તત્ત્વાર્થાધિગમસૂત્ર-૧, ૩ | આ.ઉદયપ્રભસૂરિજી | સં./ગુજ. | શા.પોપટલાલ મીશ્રીમલજી |
| ૩ | કુસુમાંજલિ કાવ્યમ્ | આ.ધર્મધુરંધરસૂરિજી | હિં. | જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ |
| ૪ | યોગશાસ્ત્રમ્ - ૧ થી ૩ | પૂ.જંબૂવિજયજી | સં. | સિધ્ધિ ભુવન મનોહર જૈન ટ્રસ્ટ |
| ૫ | શ્રીધર ચરિત્ર (મહા કાવ્ય) | સા.વિનયપૂર્ણાશ્રીજી | સં. | ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૬ | કલ્યાણ મંદિર સ્તોત્ર તથા | પૂ.રત્નવલ્લભવિજયજી | સં./ગુજ. | અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ |
| | ચર્તુવિંશતિ જિન સ્તુતિ | ------ | --- | ---- |
| ૭ | સર્વજ્ઞસિદ્ધી પ્રકરણ | પૂ.તીર્થબોધિવિજયજી | સં. | શ્રી ભુવનભાનુ શાસન સેવા ટ્રસ્ટ |
| ૮ | અષ્ટાહ્નિકા વ્યાખ્યાન કલ્પ ભા.૧,૨ | આ.રત્નશેખરસૂરિજી | ગુજ. | શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર ટ્રસ્ટ |
| ૯ | ગાથા સહસ્ત્રી | આ.જયદર્શનસૂરિજી | સં. | શ્રી જિનાજ્ઞા પ્રકાશન |
| ૧૦ | વ્યધિકરણ ભા.૧,૨ | પૂ.પદ્મકીર્તિવિજયજી | ગુજ. | સમ્યગ્ સાહિત્ય પ્રકાશન |
| ૧૧ | રમ્ય સમાસ માલા | સા.ભવ્યગુણાશ્રીજી | સં./ગુજ. | વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૧૨ | શ્રી ધર્મ દ્રવ્ય વ્યવસ્થા | પં.નયબોધિવિજયજી | સં. | શ્રી કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૩ | ઓઘનિર્યુક્તિ | પૂ.ધર્મરત્નવિજયજી | સં. | માનવ કલ્યાણ સંસ્થા |
| ૧૪ | કેટલાક પૂર્વજન્મો-૧ થી ૮ | આ.હિતવર્ધનસૂરિજી | ગુજ. | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૧૫ | સંક્રમકરણ | રમ્યરેણુ | ગુજ. | ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૧૬ | ચંદ્રયશ સંસ્કૃત પ્રશ્નોત્તર માળા ભા-૧ | રમ્યરેણુ | સં./ગુજ. | શ્રી ચન્દ્ર રમ્ય રીલી.ટ્રસ્ટ |
| ૧૭ | જ્ઞાનસાર પૂર્ણતા | પૂ.ગુણહંસવિજયજી | સં./ગુજ./હિં. | શ્રી કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૮ | યોગશાસ્ત્ર | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૧૯ | જૈન શિલ્પ વિધાન ભા-૧ થી ૩ | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુજ. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨૦ | જૈન શિલ્પ વિચાર | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુજ. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨૧ | ધ્વજારોહણ વિધાન | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુજ./હિં | શિલ્પવિધિ પ્રકાશન |
| ૨૨ | ત્રિશષ્ટિ શલાકા પુરુષ વિચાર | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૨૩ | ત્રિશષ્ટિ શલાકા પુરુષ પર્વ-૧૦ ભા.૧,૨ | પૂ.પ્રશમરતિવિજયજી | સં./ગુજ. | સ્યાદવાદ પ્રકાશન |
| ૨૪ | નવ્યન્યાય ભાષા પ્રદીપ | ઉજ્જવલા ઝા | હિ. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૨૫ | ત્રિશષ્ટિ સ્મૃતિ (સહ ટિપ્પણ) | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૨૬ | ઉપદેશ રત્નાકર | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં./ગુજ. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૨૭ | કારિકાવલી (સિધ્ધાંત મુક્તાવલી સહ) | નારાયણ રામઆચાર્ય | સં. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૨૮ | દ્રષ્ટાંતશતકમ્ (સાવચૂરિ) | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં./ગુજ./હિં. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૨૯ | શુભાભિલાષા | પૂ.પ્રશમરતિવિજયજી | સં/ગુ/હિં/અ | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૩૦ | ગુણસિધ્ધિ હેમપ્રાકૃત પાઠ શ્રેણી | અર્હત શિશુ | પ્રા./ગુજ. | શ્રી ગુણોદય ફાઉન્ડેશન |
| ૩૧ | નમસ્કાર સ્વાધ્યાય | આ.જયદર્શનસૂરિજી | પ્રા./સં. | જિનાજ્ઞા પ્રકાશન |

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૫ - ૨૦૭૬

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨ | ઉપશમનાકરણ ભા.૧,૨ | પૂ.યશરત્નવિજયજી | સં./ગુજ. | શ્રી જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૩૩ | મોક્ષાયણમ્ | પૂ.યશરત્નવિજયજી | સં. | શ્રી જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૩૪ | લક્ષ્યવેધ | પૂ.યશરત્નવિજયજી | ગુજ. | શ્રી જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૩૫ | ધર્મ સંગ્રહણી ભા.૨,૩ | શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં./ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૩૬ | આવશ્યક નિર્યુક્તિ ભા. ૧ થી ૧૧ | શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં./ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૩૭ | ગુરુ તત્ત્વ વિનિશ્ચય - ભા. ૫,૬ | શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં./ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૩૮ | પંચાશક ભા.૨,૩,૪ | શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં./ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૩૯ | ધર્મ રત્ન પ્રકરણ | શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં./ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૪૦ | આગમ પ્રકાશન વિશેષ પરિચય-૧,૨ | પૂ.કુશલકીર્તિવિજયજી | હિ. | ગીતાર્થ ગંગા |
| ૪૧ | અમાસનું અજવાળું (ઉત્તરાધ્યયન તથા વિપાક સૂત્ર) | આ.મહાબોધિસૂરિજી | ગુજ. | સુકૃત સેન્ટર |
| ૪૨ | પુણ્યપાળ રાસ | સા.વિરાગરસાશ્રીજી | ગુજ. | ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૪૩ | સંમૂર્ચ્છિમમનુષ્ય ભા-૨ આગમિક અને પારંપરિક સત્ય | આ.યશોવિજયસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૪ | શું જૈન ભૂગોળ-ખગોલ સાચી છે. ? | આ.નંદીઘોષસૂરિજી | ગુજ. | ભારતીય પ્રાચીન વૈજ્ઞા.રહસ્ય શોધ સંસ્થા |
| ૪૫ | હસ્તાક્ષરનું અક્ષયપાત્ર - ૨૫ થી ૩૨ | ભારતી દિપક મહેતા | ગુજ. | શ્રી ભદ્રંકર જ્ઞાનદીપક ચેરી.ટ્રસ્ટ |
| ૪૬ | તર્જની સંકેત (અનેકાંતવાદ) | પૂ.યશરત્નવિજયજી | ગુજ. | શ્રી જિનગુણ આરાધના ટ્રસ્ટ |
| ૪૭ | જિનશાસન અધિષ્ઠાયક સંપુટ ભા-૧,૨ | આ.યુગભુષણસૂરિજી | ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૪૮ | ૨૧ પ્રકારી પૂજા | આ.કીર્તિયશસૂરિજી | ગુજ. | ભેરૂલાલ કનૈયાલાલ કોઠારી |
| ૪૯ | આગમશબ્દાદિ સંગ્રહ ભા.૧ થી ૪ | પૂ.દીપરત્નસાગરજી | પ્રા/ગુજ. | આગમશ્રુત પ્રકાશન |
| ૫૦ | ભાષ્યત્રયમ્ (પ્રતાકાર) | આ.કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫૧ | પદાર્થ પ્રકાશ-૨૬ (ગુણસ્થાનક ક્રમારોહ) | આ.હેમચંદ્રસૂરિજી | સં./ગુજ. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૫૨ | પદાર્થ પ્રકાશ-૨૭ (નમસ્કાર સ્તવ) | આ.હેમચંદ્રસૂરિજી | સં./ગુજ. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૫૩ | પ્રતિક્રમણ વિધિ પ્રકાશ અને | આ.હેમચંદ્રસૂરિજી | સં./ગુજ. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| | પ્રતિક્રમણ હેતુ ગર્ભ | --------- | -------- | -------------- |
| ૫૪ | યોગસાર (વિવેચન સહિત) | પૂ.રત્નબોધિવિજયજી | સં./ગુજ. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૫૫ | શ્રુતદીપ-૨ (લઘુકૃતિ સંગ્રહ) | પૂ.વૈરાગ્યરતિવિજયજી | મારૂ ગુર્જર | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૫૬ | વિસ્તૃત અર્ધ માગધી વ્યાકરણ ભા-૧,૨ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | ગુજ. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૫૭ | બૃહદ્ ટિપ્પનિકા | પૂ.વૈરાગ્યરતિવિજયજી | હિ. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૫૯ | વ્યાપ્તિ પંચક (માથુરી વિવેચન) | પૂ.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૬૦ | કર્મ ગ્રંથ ૧ થી ૪ (પદાર્થ સંગ્રહ) | પૂ.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૬૧ | દશ વૈકાલિક સૂત્ર(સાર્થ) ભા.૧,૨ | પૂ.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૫ - ૨૦૭૬

| | | | | |
|---|---|---|---|---|
| ૬૨ | જૈન આગમિક-ગણિત આધારિત પંચાંગ પ્રક્રિયા | પૂ. કૃપાબોધિવિજયજી | ગુજ. | જૈનમ્ પરિવાર |
| ૬૩ | પંચાશક પ્રકરણ(યશોભદ્રસૂરિજી ટીકા) | પૂ. ધર્મરત્નવિજયજી | સં./ગુજ. | માનવ કલ્યાણ સંસ્થા |
| ૬૪ | સ્વરૂપ મારું પોતાનું ભા.૧,૨ (ઉપમિતિ ભવપ્રપંચા રાસ) | આ. તીર્થભદ્રસૂરિજી | ગુજ. | શ્રી કનકસૂરિજી પ્રાચીન ગ્રંથ માલા |
| ૬૫ | મેરા નિજ સ્વરૂપ | આ. તીર્થભદ્રસૂરિજી | હિ. | શ્રી કનકસૂરિજી પ્રાચીન ગ્રંથ માલા |
| ૬૬ | સ્વરૂપ મારું પોતાનું | આ. તીર્થભદ્રસૂરિજી | ગુજ. | શ્રી કનકસૂરિજી પ્રાચીન ગ્રંથ માલા |
| ૬૭ | વાચના અમૃતમ્ | આ. રત્નસુંદરસૂરિજી | સં. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬૮ | વાચના અંજનમ્ | આ. રત્નસુંદરસૂરિજી | સં. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬૯ | કથાઓ અને કથા પ્રસંગો | આ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૭૦ | આત્માને ઓળખો | આ. શ્રેયાંસપ્રભસૂરિજી | ગુજ. | સ્મૃતિ મંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૭૧ | અસ્તિત્વની સરગમ(આધ્યાત્મિક પદો) | સા. પદ્મલતાશ્રીજી | ગુજ. | લાલભાઇ ફુલચંદ ધીયા |
| ૭૨ | વિહાર માર્ગદર્શિકા ભા.૧ થી ૬ | પૂ. પ્રશમરત્નવિજયજી | ગુજ. | શ્રી રત્નપ્રભ ધર્મ ક્રિયા ભવન |
| ૭૩ | પ્રસંગ પદ્મ | આ. મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૭૪ | પ્રભુ પ્રત્યે સેવાલેખ | આ. શીલચંદ્રસૂરિજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ |
| ૭૫ | અવધૂ, સમજણનું ઘર ખોલો | આ. શીલચંદ્રસૂરિજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ |
| ૭૬ | નવપદ ધ્યાન સદા સુખ હોઇ | આ. હેમચંદ્રસાગરસૂરિજી | ગુજ. | જૈન આર્ય તીર્થ અયોધ્યાપુરમ્ |
| ૭૭ | સિધ્ધાચલ ગિરિ નમો નમઃ | આ. જયદર્શનસૂરિજી | ગુજ. | શ્રી જિનાજ્ઞા પ્રકાશન |
| ૭૮ | સાંભળીયે સાદ શ્રુતરક્ષાનો | પૂ. વિનયપ્રિયવિજયજી | ગુજ. | પ્રવચન શ્રુત તીર્થ |
| ૭૯ | પ્રભુ તમારે પગલે પગલે | અર્પિત શાહ | ગુજ. | મુનિસુવ્રત આરાધક ગ્રુપ |
| ૮૦ | સમ્યક્ સુધા | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ ધર્માદા ટ્રસ્ટ |
| ૮૧ | સુબોધ સુધા | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ ધર્માદા ટ્રસ્ટ |
| ૮૨ | શ્રમણ ઉધાન (શ્રમણ પરિચય સૂચિ) | આ. મુક્તિવલ્લભસરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૮૩ | અનુપમ ઓળી | પ્રિયમ્ | ગુજ. | અહો શ્રુતમ્ |
| ૮૪ | જૈન ડાન્સ ગાઇડ | પ્રિયમ્ | ગુજ. | અહો શ્રુતમ્ |
| ૮૫ | દીપાવલી ખુશીયા મનાને સે પહેલે | પ્રિયમ્ | હિ. | જૈન શ્વે.મૂ.સંઘ નંદુરબાર |
| ૮૬ | રાતે ખાતા પહેલા & ડાયટ | પ્રિયમ્ | ગુજ. | |
| ૮૭ | પ્રશ્નનો રંગ, કથાનો સંગ | આ. અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ પરિવાર |
| ૮૮ | હું કોણ ? | આ. અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ પરિવાર |
| ૮૯ | ઝાણં ૬૩ દુંધ્યનો - ભાગ-૧૦ | આ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૯૦ | ચાર્તુમાસિક અલંકારો અને નિયમો | આ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૯૧ | જિનાજ્ઞા અને જીવદયા | આ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૯૨ | જંબુકુમારની એક જ વાત | આ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૯૩ | સંસ્કાર સુવાસ ૧ થી ૨૫ | આ. હંસકીર્તિસૂરિજી | ગુજ. | તપોવન સંસ્કાર પીઠ |

# સરસ્વતી પુત્રોને વંદના

નિમ્નલિખિત ગ્રંથોના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે.
ટૂંકમાં પ્રકાશિત થશે.

---

## પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા.(શ્રી ઓમકારસૂરિજી સમુદાય)

(૧) જીવાજીવાભિગમસૂત્રમ્ ભાગ-૨ - શ્રી મલયગિરિસૂરિજી ટીકા
(૨) નિરિયાવલિયા સૂત્ર - સટીક
(૩) ઉપાસકદશાંગસૂત્ર - સટીક
(૪) અંતગડદશાંગ સૂત્ર - સટીક
(૫) અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર - સટીક
(૬) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર - શ્રી અભયદેવસૂરિજી ટીકા સાથે
(૭) વિપાક સૂત્ર - સટીક
(૮) પ્રજ્ઞાપના સૂત્ર - શ્રી મલયગિરિસૂરિજી ટીકા તથા શ્રી હરિભદ્રસૂરિજી ટીકા
(૯) શ્રી નેમિનાથ ચરિત્ર - કર્તા : કમલ પ્રભ

---

## પૂ.આ.શ્રી યશોવર્મસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.આ.શ્રી ભાગ્યયશસૂરિજી મ.સા.

(૧) જ્ઞાતાધર્મ કથા સૂત્ર : ઉપા.કસ્તુરચંદ્રજી કૃત ટીકા
અદ્યાવધિ અપ્રગટ ૧૧૦૦૦ શ્લોક પ્રમાણ, હસ્તપ્રતોના આધારે સંશોધન-સંપાદન

---

## પૂ.આ.શ્રી અજિતશેખરસૂરિજી (શ્રી પ્રેમ ભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) વિશેષ આવશ્યક ભાષ્ય ભાગ-૧,૨ મલ્લધારિ હેમચંદ્રસૂરિજી કૃત ટીકાનું હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન

---

## પૂ.રાજસુન્દરવિજયજી મ.સા. (શ્રી રાજેન્દ્રસૂરિજી સમુદાય)

(૧) મહાચક્રવ - નવસર્જન
(૨) નાના પે રત્નમંજુષા - નવસર્જન
(૩) વિદ્વદ્ પ્રબોધ - સંપાદન

---

## સુશ્રાવક કીરીટભાઇ કાંતિલાલ શાહ

(૧) અમરદત્ત મિત્રાનંદ રાસ - હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન



# સ્વાધ્યાય સરિતા

જિનશાસનની મૂળધારા પ્રમાણે ગુરુભગવંતો સંપૂર્ણ દ્વાદશાંગી કંઠસ્થ કરીને પ્રતિદિન તેનું પરાવર્તન, ચિંતન વગેરે કરતા હતા. કાળ ક્રમે તેમાં પરિવર્તન થયું અને શાખા ધારા રૂપે દ્વાદશાંગીના અવલંબને પૂર્વાચાર્યોએ રચેલા પ્રકરણ ગ્રંથોને ગોખવા અને તેમનો પરાવર્તનાદિ સ્વાધ્યાય કરતા હતા. અત્યારે પૂજ્ય ગુરુભગવંતો દ્વારા બહુ જ અલ્પ આગમો અને પ્રાયઃ ૪૦ થી ૫૦ પ્રકરણ ગ્રંથો કંઠસ્થ કરાય છે. બે-ત્રણ હજાર ગાથાથી માંડીને વીશ-પચ્ચીશ હજાર સુધી ગાથાઓને કંઠસ્થ કરનારા પૂજ્યો આજે ય વિદ્યમાન છે. જેમની અનુમોદના.

આ રીતે કરવા માટે પૂજ્યો દ્વારા વિવિધ પ્રકરણોના ગાથાઓના અથવા સાર્થ ગાથાઓના પુસ્તકો જે વિવિધ ગુરુભગવંતોની પ્રેરણાથી સંપાદિત-પ્રકાશિત થયેલ છે, તેમનો ઉપયોગ કરે છે. તેના લીધે જે તે પ્રકરણ ગ્રંથ પ્રચલિત થયા છે. દા.ત : ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય,છ કર્મગ્રંથ, ઉપદેશમાળા, તત્ત્વાર્થ સૂત્ર, વૈરાગ્યશતક, વીતરાગ સ્તોત્ર અને શાંતસુધારસ જેવા ગાથાર્થવાળા પ્રકાશિત ગ્રંથો.

પ્રચલિત ગાથા-ગાથાર્થ પ્રકરણો સિવાય પણ લગભગ ૨૦૦થી વધુ પ્રકરણ ગ્રંથો છે. જેઓ વૈરાગ્યાદિવર્ધક ઉત્તમપદાર્થોથી સમૃદ્ધ છે. જેમના કદાચ સટીક પ્રકાશનો કે સટીક અનુવાદ પ્રકાશનો થયા છે. પણ મૂળ ગાથા + ગાથાર્થના પ્રકાશનો થયા નથી. સટીક/સટીક અનુવાદ પ્રકાશનોનો સારો એવો ઉપયોગ થઇ રહ્યો છે. યાસ્ત્રોનું ઊંડાણ પામવા તેમનો અભ્યાસ અનિવાર્ય પણ છે. તે પ્રકાશનોના પ્રેરક પૂજ્યોની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

છતાં વર્તમાનમાં સંક્ષિપ્તરૂચિ જીવો વિશેષ પ્રમાણમાં હોવાથી જો ગાથા + ગાથાર્થ વાળા પ્રકાશનો થાય તો જિનવાણીનો પ્રસાર ઘણો વધી શકે છે. (આ વાત તથાવિધ પૂર્વ પ્રકાશનોથી પુરવાર થયેલી છે.) દા.ત : પંચાશક પ્રકરણ, પંચવસ્તુક પ્રકરણ, ધર્મસંગ્રહ, પ્રતિમા શતક, વિંશિંકાવિંશિંકા, ષોડશક, ધર્મ સંગ્રહણી વગેરે વગેરે ગ્રંથોની ગાથા + ગાથાર્થ વાળા પ્રકાશનો થાય તો ખૂબ જ ઉપયોગી નીવડે.

### આ નૂતન પ્રકાશન માટે શોર્ટ કટ

જેમણે આ ગ્રંથોના સટીક અનુવાદ પ્રકાશનો કર્યા છે. તે સંસ્થાઓ જો તે ગ્રંથોના ડેટામાંથી ફક્ત ગાથા + ગાથાર્થ ના ડેટાનું સંકલન કરી ને પોતે પ્રકાશન કરે અથવા તો તે ડેટા અન્ય સંકલન ઇચ્છુકને આપી દે, તો આ કાર્ય સરળતાથી થઇ શકે છે.



# સ્વાધ્યાય સરિતા

નમ્ર વિનંતિ :- પૂજ્યો પોતાના સટીક અનુવાદોના પ્રકાશનોના સોફ્ટ ડેટામાં અમને ફક્ત ગાથા + ગાથાર્થની ડેમી સાઇઝની પીડીએફ ફાઇલ મોકલી આપશે, તો અમે સંપાદક + અનુવાદક તરીકે તેમનો જ ઉલ્લેખ કરીને તેની મર્યાદિત નકલો શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા પ્રકાશિત કરી આપીશું. અને દરેક ગુરુભગવંતોને તેમની જરૂર મુજબ સહેલાઇથી ઉપલબ્ધ કરાવી આપીશું. આપશ્રી અમને આ લાભ આપશોજી.

---

અનુસંધાન : પાન નં. ૧ ઉપર થી....

આઘાત :- આપણે સોશિયલ મીડિયાનો વિરોધ કરી, એનો ત્યાગ કરનારા બાળકને ઇનામનું પ્રોત્સાહન આપીએ તે જ સોશિયલ મીડિયાનો પ્રચાર કરીએ એ હૃદયને ડંખે છે. પ્રચલિત સરળ વિકલ્પ તરીકે સોશિયલ મીડિયાને અપનાવીએ જ,તો ય તેમાં જે બે વસ્તુ છે. (૧) You Tube (૨) Face Book આ બે ના ઉપયોગ માટે તો સકળ શ્રીસંઘે વિચારણા કરવી જોઇએ ? એક બાજુ આપણે એમાં ધાર્મિક પ્રોગ્રામ જોઇ રહ્યા હોઇએ, અને બીજી બાજુ તેઓ કોમર્શિયલ હોવાથી દર મિનિટે નોનવેજની એડ આવે, બીભસ્ત એડ આવે, ભલભલાના ધર્મને ખતમ કરીને ઘોર અધર્મમાં તાણી જતાં પ્રલોભનો વાળા તેમના પ્રોગ્રામ આવે ને લગભગ એ માણસ લપસ્યા વિના ન રહે, એવી સ્થિતિ સર્જાય, એવા માધ્યમોનો ધાર્મિક પ્રયોજનો માટે શા માટે ઉપયોગ કરવો જોઇએ ? આ માધ્યમો આપણી આયંબિલની ડીશ કે ઉપધાનની ડીશમાં સિફતથી નોનવેજ આઇટમ્સ મુકી રહ્યા છે, એવું નથી લાગતું ? અનાદિના સંસ્કારોથી વાસિત જીવ છેવટે ક્યાં ઢળશે ? શું લાગે છે આપને ?

હા, જે માધ્યમોમાં ધાર્મિક પ્રોગ્રામ ફક્ત ધાર્મિક પ્રોગ્રામ જ રહે, જેમાં કોઇ એડ વગેરેની સંભાવના ન હોય, તેમને ગૃહસ્થધર્મપ્રાયોગ્ય શુભ નિમિત્ત તરીકે સ્વીકારાય, એ વાત જુદી છે, એક બાજુ એવી પણ લાગણી થાય કે જ્યારે આટલું બધું ખરાબ પ્રસરી રહ્યું છે, તો ભલે આ માધ્યમોથી સારું પણ પ્રસરે. બીજી બાજુ એમ થાય કે જેટલું સારું પ્રસરે, એ તો પુરું સારું જ હોવું જોઇએ, એમાં ભેળસેળ કેમ ચલાવવી ? બની શકે આ વિચારમાં અમારી ભૂલ પણ થતી હોય.

પૂજનીય ગીતાર્થ ભગવંતો આ અંગે અમને અને શ્રીસંઘને માર્ગદર્શન આપે એવી યાચના સાથે વિરમું છું.

લિ. સકળ શ્રી સંઘ ચરણસેવક
શાહ બાબુલાલ સરેમલ બેડાવાલા

# શ્રુતવિશ્વમાં નવલું નઝરાણું

**જૈન સત્યપ્રકાશ :-** સંવત ૧૯૯૧માં શરૂ થયેલ અને સળંગ ૨૨ વર્ષ સુધી દર મહિને પ્રકાશિત ૨૫૫ અંકોની તંત્રી શ્રી ચીમનભાઇ ગોકળદાસ દ્વારા ખૂબ જ સુંદર રીતે સંપાદન કરીને જૈન શાસનના સત્ય તત્ત્વને ઉજાગર કરતા લોકભોગ્ય, વિદ્વદ્ભોગ્ય ઘણાં સારા લેખો પ્રકાશિત થયા હતા. આ બધા જ અંકોનું બાવીસ વર્ષના ટોટલ બાવીસ પુસ્તકમાં પુનઃપ્રકાશન શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે અને જ્ઞાનભંડારોને ભેટ મોકલવામાં આવ્યા છે.

---

**તીર્થંકર મહાવીર ભાગ-૧, ૨ :-** લેખક : ઇતિહાસ તત્વ મહોદધિ પૂ. આ. વિજયેન્દ્રસૂરિજી વર્ષોના અથાગ પરિશ્રમના ફળ રૂપે દાયકાઓ પહેલા આ ગ્રંથ હિન્દીમાં રચાયેલો છે. જૈન ઇતિહાસ, જૈન આગમો તેમજ પુરાતત્વ એમ ત્રણ પ્રકારના દ્રષ્ટિકોણથી આલેખાયેલો આ ગ્રંથ શાસન સમ્રાટ ભવન, અમદાવાદ દ્વારા પુનઃપ્રકાશિત થયો છે.
તેમાં અન્ય વિવિધ ધર્મોના શાસ્ત્રગ્રંથો તથા પરંપરાઓ સાથે ભગવાનના જીવન અને ઉપદેશનું તુલનાત્મક પ્રતિપાદન પણ છે.

---

**જૈન શિલ્પ વિધાન ભાગ-૧, ૨, ૩** જૈન શિલ્પશાસ્ત્ર વિષયક લગભગ ૨૦૦ જેટલા પ્રાચીન અર્વાચીન શિલ્પગ્રંથોના દોહનરૂપ, વર્તમાનકાળે બંધાઇ રહેલા અનેક જિનમંદિરોના વ્યવહારિક અભ્યાસના સારાંશરૂપ ૧૦મી થી ૨૦મી સદીમાં બંધાયેલા અનેકાનેક મંદિરોના પ્રત્યક્ષ અભ્યાસના નિચોડરૂપ અનુભવી સોમપુરા, શ્રાવકોની સંગોષ્ઠિના અનુભવ નિષ્કર્ષ રૂપે મંદિર સ્થાપત્ય વિષયક શિલ્પશાસ્ત્રનું સરળ શૈલીમાં વિસ્તૃત સ્પષ્ટ ચિત્ર સહિત પૂ. સૌમ્યરત્નવિજયજી દ્વારા સંપાદિત, શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ગ્રંથ.

---

**પારિષ્ઠાપનિકા :-** પંચમસમિતિના પાલન માટે તેમજ જિનશાસનની અપભ્રાજના નિવારવા માટે વિવિધ સમુદાયોના ગચ્છાધિપતિ આદિ ગુરુભગવંતોના આશીર્વાદ પત્રો અને દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ સાપેક્ષ જિનાજ્ઞાનુસારી માર્ગદર્શનનું અનેરૂ પ્રકાશન અમારા દ્વારા કરવામાં આવેલ છે.

---

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org